

## માત્ર સૂર જ નહીં, સ્વાદનાં પણ મહારાણી હતાં આશાજી...

# રૂ. ૨૦૦ કરોડની સંપત્તિ અને દુબઈથી બ્રિટન સુધી ફેલાયેલું 'Asha's' રેસ્ટોરન્ટનું સામ્રાજ્ય

**આશા ભોસલે માત્ર સંગીતની દુનિયાના જ બેતાજ બાદશાહ નહોતા, પરંતુ બિઝનેસ જગતમાં પણ તેમણે પોતાની એક અલગ ઓળખ ઊભી કરી હતી. ૯૨ વર્ષની વયે જ્યારે તેમણે વિદાય લીધી છે, ત્યારે તેઓ પોતાના પાછળ અંદાજે રૂ. ૧૫૦થી ૨૦૦ કરોડ ની માતબર સંપત્તિ અને એક આંતરરાષ્ટ્રીય બિઝનેસ લેગસી છોડી ગયા છે.**

- **સંગીતની રોયલ્ટી અને આલીશાન પ્રોપર્ટી** આશાજીની કમાણીનો મુખ્ય સ્ત્રોત તેમનું આઠ દાયકા લાંબુ સંગીત કરિયર અને તેનાથી મળતી રોયલ્ટી રહી છે.
- **રિયલ એસ્ટેટ:** મુંબઈ અને પુણે જેવા શહેરોમાં તેમની પાસે રૂ. ૮૦થી ૧૦૦ કરોડ ની કિંમતની લક્ઝરી રહેણાંક મિલકતો છે.
- **નેટવર્થ:** તેમની કુલ સંપત્તિ રૂ. ૨૦૦ કરોડની આસપાસ અંકાય છે, જે તેમની દાયકાઓની મહેનત અને હિટ આલ્બમ્સનું પરિણામ છે.
- **'Asha's': દુબઈથી માન્ચેસ્ટર સુધી સ્વાદનો જાદુ** ગાયકીની સાથે આશાજી એક સફળ બિઝનેસવુમન પણ હતા. તેમણે વર્ષ ૨૦૦૨માં દુબઈથી 'Asha's' (આશાઝ) નામે ઇન્ટરનેશનલ ડાઇનિંગ બ્રાન્ડની શરૂઆત કરી હતી.
- **ગ્લોબલ પ્રેઝન્સ:** આજે આ બ્રાન્ડના આઉટલેટ્સ દુબઈ ઉપરાંત કુવૈત, બહેરીન, અબુ ધાબી અને બ્રિટનના બર્મિંગહામ તથા માન્ચેસ્ટર જેવા શહેરોમાં ફેલાયેલા છે.
- **વિસ્તરણ:** મિડલ ઈસ્ટ અને યુકેમાં મળીને અંદાજે ૧૪ જેટલા લક્ઝરી આઉટલેટ્સ કાર્યરત છે, જે સાબિત કરે છે કે આશાજીને રસોઈ કળા અને બિઝનેસ મેનેજમેન્ટમાં પણ સૂર જેટલી જ મહારત હતી.

### ગુરુ, માતા અને બહેનનો ત્રિવેણી સંગમ

આશાજી માટે લતાજી માત્ર મોટી બહેન નહોતી. પિતાના નિધન બાદ લતાજીએ જ પરિવારની જવાબદારી ઉઠાવી હતી. આશાજી કહેતા, "દીદી મારા માટે ગુરુ અને માં સમાન હતા. અમારી વચ્ચે સ્પર્ધા ચોક્કસ હતી, પણ તે દુશ્મની નહીં, શ્રેષ્ઠ આપવાની ખેંચતાણ હતી." જ્યારે પણ બંને બહેનો સાથે રેકોર્ડિંગ કરતી, ત્યારે આશાજી હંમેશા સતર્ક રહેતા કે દીદી આ ગીતમાં કયો નવો 'ટ્વિસ્ટ' ઉમેરશે, અને મારે તેનાથી કંઈક અલગ શું આપવું!

### બાળપણની સ્મૃતિ અને રેસ્ટોરન્ટની પ્રેરણા

આશાજી અવારનવાર તેમના બાળપણને યાદ કરતા જણાવતા કે જ્યારે તેમના પિતાની 'થિયેટર કંપની' એક શહેરથી બીજા શહેર જતી, ત્યારે રસોડામાં બનતી વાનગીઓની સુગંધ અને કલાકારોના ચહેરા પરની તૃપ્તિ જોઈને જ તેમને કુકિંગ પ્રત્યે આકર્ષણ જાગ્યું હતું. તેમણે એકવાર કહ્યું હતું:

**"જ્યારે હું શેફ કોટ પહેરું છું, ત્યારે મને લાગે છે કે મેં કોઈ અત્યંત સુંદર ડ્રેસ પહેર્યો છે."**

**દુબઈથી શરૂ થયેલું આંતરરાષ્ટ્રીય અભિયાન**

વર્ષ ૨૦૦૨માં દુબઈના પ્રતિષ્ઠિત 'વાફી સિટી મોલ'માં પ્રથમ રેસ્ટોરન્ટની શરૂઆત થઈ હતી. આજે ૨૪ વર્ષ બાદ આ બ્રાન્ડ એક વૈશ્વિક ઓળખ બની ચૂકી છે.

**સફળતાનું રહસ્ય:** આશાજીનો 'સિક્રેટ મસાલો'

રેસ્ટોરન્ટની સફળતાનું સૌથી મોટું કારણ તેની ગુણવત્તા છે. આશાજી પોતે મુંબઈમાં બેસીને જૂની રેસિપી મુજબ ગરમ મસાલા તૈયાર કરાવતા. તેમની નજર સામે જ મસાલા દળવામાં આવતા અને ત્યારબાદ જ તેને આંતરરાષ્ટ્રીય શાખાઓમાં મોકલવામાં આવતા. તેમની સિગ્નેચર ડિશ જેમ કે ભટ્ટી કા ચાપ, કેરળ ચિલી ગાર્લિક પ્રોન, મકાઈ સીખ કબાબ અને કોડી કરી આજે પણ વિદેશીઓના જીભે વળગેલી છે.

**યાદોનું સંગ્રહાલય:** રેસ્ટોરન્ટની દીવાલો

'Asha's' રેસ્ટોરન્ટમાં પ્રવેશતા જ આશાજીના અંગત જીવનની દુર્લભ ઝલક જોવા મળે છે. દીવાલો પર પીએમ નરેન્દ્ર મોદી, દેવ આનંદ, ઇન્દિરા ગાંધી, રવિ શંકર, શાહરૂખ ખાન અને અમિતાભ બચ્ચન સાથેની દુર્લભ તસવીરો સજાવેલી છે. આશાજી કહેતા, "મોદીજી પહેલા દિવસે પીએમ બન્યા અને બીજા દિવસે હું તેમને મળી હતી." અહીં તેમના પુત્રો અને પૌત્રોની બાળપણની તસવીરો પણ ગ્રાહકોને આકર્ષે છે.



### જ્યારે બ્રિટને આશાજીને 'ધ કરી ઓસ્કર'થી નવાજ્યા!

**માત્ર માઇક પર જ નહીં, મેન્યુ પર પણ આશાજીનું શાસન**

આશા ભોસલેની પ્રતિભા માત્ર રેકોર્ડિંગ સ્ટુડિયો સુધી મર્યાદિત નહોતી. સંગીત ક્ષેત્રે પદ્મ વિભૂષણ અને દાદા સાહેબ ફાળકે મેળવનાર આશાજીએ હોસ્પિટાલિટી અને બિઝનેસ ક્ષેત્રે પણ 'ઓસ્કર' સમાન સન્માન મેળવીને ભારતનું નામ રોશન કર્યું હતું.

**બ્રિટિશ કરી એવોર્ડ્સમાં 'લાઇફટાઇમ અચીવમેન્ટ'**

બ્રિટનના પ્રતિષ્ઠિત 'બ્રિટિશ કરી એવોર્ડ્સ'ના ૧૩મા વાર્ષિક સમારોહમાં આશા ભોસલેને 'લાઇફટાઇમ અચીવમેન્ટ એવોર્ડ' થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

**"જો હું સિંગર ના હોત તો આજે એક પ્રોફેશનલ કુક હોત"**

તેમણે કહ્યું હતું કે સિંગર ન હોત તો હું સારી કૂક હોત. તેમની આ રુચિ આજે દુબઈ અને કુવૈત સહિત સાત સમંદર પાર તેમના નામના રેસ્ટોરન્ટ્સ (Asha's)માં દેખાય છે. ઇન્ટરનેશનલ કુક રસેલ સ્કોટે આ બ્રાન્ડના રાઇટ્સ ખરીદીને બ્રિટનમાં ૪૦ જેટલા રેસ્ટોરન્ટ્સ ખોલવાનું આયોજન પણ કર્યું હતું.

# લતા-આશા | બે બહેનો વચ્ચેના સંબંધો

**લતાજીના પડછાયામાંથી બહાર આવી સર્જી પોતાની સલ્તનત**

***'ઝુમકા ગિરા રે, બરેલી કે બાઝાર મેં...'***

મોટી બહેન લતા મંગેશકરના પ્રભુત્વ વચ્ચે પોતાની ઓળખ ઊભી કરવી એ આશાજી માટે સૌથી મોટો પડકાર હતો. શરૂઆતના વર્ષોમાં તેમને માત્ર એવા ગીતો મળતા જે અન્ય ગાયિકાઓ નકારતી. પરંતુ આશાજીએ હિંમત ન હારી. તેમણે પોતાની શૈલીમાં 'સ્પાર્ક' અને 'એટિટ્યુડ' ઉમેર્યા. ઓ.પી. નૈયરના ચંચળ ગીતો હોય કે આર.ડી. બર્મનના વેસ્ટર્ન બીટ્સ, આશાજીએ પ્લેબેક સિંગિંગની આખી વ્યાખ્યા બદલી નાખી. જ્યારે મોટી બહેન લતા મંગેશકરનો અવાજ દેશની ઓળખ બની ચૂક્યો હતો, ત્યારે આશાજી માટે પોતાની અલગ જગ્યા બનાવવી એ અગ્નિપરીક્ષા હતી. ગીતા દત્ત અને શમશાદ બેગમ જેવી ગાયિકાઓના પ્રભુત્વ વચ્ચે તેમણે પોતાની શૈલી બદલી.



### સંઘર્ષમાંથી શોધેલો અનોખો અંદાજ: 'આઈએ મેહરબાન' થી 'રેશમી ઝુલ્ફો' સુધી

***'આઈએ મેહરબાન, બૈઠિયે જાન-એ-જાન...'***

૧૯૪૦ના દાયકામાં જ્યારે તેમણે શરૂઆત કરી, ત્યારે તેઓ એવા ગીતો પણ ગાતા જે અન્ય ગાયિકાઓ નકારતી. ૧૯૫૦ અને ૬૦ના દાયકામાં ઓ.પી. નૈયર સાથેની તેમની જોડીએ હિન્દી સિનેમાને લયબદ્ધ અને આધુનિક ગીતો આપ્યા. 'હાવરા બ્રિજ' અને 'મેરે સનમ' જેવા ગીતોમાં તેમણે પરંપરાગત ગાયકીમાં 'સ્વિંગ' અને 'એટિટ્યુડ' ઉમેર્યા. તેઓ ક્યારેય કોઈ એક ચોક્કસ શૈલીમાં બંધાયા નહીં; તેઓ કેબ્રેથી લોકગીતો અને રોમેન્ટિક મેલોડીઝથી ગઝલ સુધી સહજતાથી ગતિ કરતા રહ્યા. દાયકાઓ સુધી ભારતીય સંગીત પર રાજ કરનાર મંગેશકર બહેનો - લતા અને આશા - વચ્ચેના સંબંધો હંમેશા ચર્ચામાં રહ્યા છે. લોકો તેને સ્પર્ધા કહેતા, પણ આશાજી તેને હંમેશા 'હેલ્ધી કોમ્પિટિશન' અને પરસ્પરનો આદર ગણાવતા. આજે આશાજીની વિદાય સાથે એ ચર્ચાઓ પર પણ વિરામ લાગી ગયો છે.

### એક ભૂલ અને આશાજીની નવી ઓળખ

આશાજીએ એક કિસ્સો યાદ કરતા જણાવ્યું હતું કે, શરૂઆતમાં તેમનો અવાજ લતા દીદી જેવો જ લાગતો હતો. એકવાર એક પ્રોડક્શન હાઉસના વ્યક્તિએ લતાજીના ગીતને આશાજીનું ગીત સમજી લીધું. આ ભૂલે આશાજીને વિચારતા કરી દીધા. તેમણે વિચાર્યું, "જો હું દીદી જેવું જ ગાઈશ, તો જ્યાં સુધી દીદી ઇન્ડસ્ટ્રીમાં છે ત્યાં સુધી મને કામ નહીં મળે. ત્યાંથી તેમણે વેસ્ટર્ન સ્ટાઇલ, કવ્વાલી અને ગઝલ જેવી શૈલીઓ પર મહેનત શરૂ કરી.

### જ્યારે 'રીલ' લાઈફમાં મંગેશકર બહેનોની ગાથા વણાઈ!

**ફિલ્મ 'સાઝ': શબાના-અરુણાની જોડીએ પડદા પર જીવંત કર્યો હતો 'બહેનોનો વિવાદ'?**

ભારતીય સંગીતની બે દિગ્ગજ બહેનો, લતા અને આશાના જીવન પર અનેક વાર્તાઓ લખાઈ છે, પણ બોલિવૂડમાં એક એવી ફિલ્મ પણ બની હતી જેને આ બંને બહેનોના સંબંધોનું પ્રતિબિંબ માનવામાં આવે છે. સઈ પરાંજપે દ્વારા નિર્મિત ફિલ્મ 'સાઝ' હંમેશા ચર્ચામાં રહી છે, જ્યારે આ ફિલ્મ રિલીઝ થઈ, ત્યારે ચર્ચા જાગી હતી કે આ લતા અને આશાની જ વાર્તા છે.

### શાળા છોડવાનો એ યાદગાર કિસ્સો

બંને બહેનો વચ્ચે કેટલો પ્રેમ હતો તેનું ઉદાહરણ તેમના બાળપણના કિસ્સામાં મળે છે. લતાજી જ્યારે શાળાએ જતા ત્યારે નાની આશા પણ તેમની પાછળ વળગી રહેતી. એકવાર શિક્ષકે કહ્યું કે એકની ફીમાં બે જણ નહીં ભણી શકે, આશાને ઘરે મૂકી આવો. લતાજી આ સાંભળીને રડી પડ્યા અને આશા પણ રડવા લાગી. અંતે પિતાએ નિર્ણય લીધો કે કોઈએ શાળાએ જવાની જરૂર નથી, ઘરે જ શિક્ષણ મળશે. આ અતૂટ બંધન જ તેમની સફળતાનો પાયો હતો.

### પંચમ દા અને આશાજીની એ ઐતિહાસિક વાતચીત



અન્નૂ કપૂરના એક શોમાં વર્ણવાયેલો આ કિસ્સો આજે આશાજીની વિદાય સમયે ફરી તાજો થયો છે. એકવાર સતત અઘરી ધૂન મળવાને કારણે આશાજીનો દર્દ આર.ડી. બર્મન (પંચમ દા) સામે છલકાઈ પડ્યો હતો. તેમણે પંચમ દાને ફરિયાદ કરી હતી કે:

"તમે બધા સુરીલા અને સારા ગીતો તો દીદી (લતા મંગેશકર) ને આપી દો છો, અને મારા હિસ્સે માત્ર એ જ અઘરી ધૂન આવે છે જે બીજું કોઈ ગાઈ શકતું નથી!"

**પંચમ દાનો એ જાદુઈ જવાબ**

આ ફરિયાદ સાંભળીને પંચમ દાએ જે જવાબ આપ્યો તેણે ભારતીય સંગીતનો ઇતિહાસ જ બદલી નાખ્યો. તેમણે ખૂબ જ સાદગીથી કહ્યું હતું:

"તું દરેક પ્રકારના ગીતો ગાઈ શકે છે, એટલે જ હું આવી અઘરી અને જટિલ ધૂન બનાવું છું. જો તું જ નહીં ગાય, તો હું અઘરું સંગીત કમ્પોઝ કરવાનું જ છોડી દઈશ!"

આ જ વિશ્વાસને કારણે 'દમ મારો દમ' થી લઈને 'મેરા કુછ સામાન' જેવા ગીતો જન્મ્યા, જેણે સાબિત કર્યું કે આશાજી માત્ર ગાયિકા નહોતા, પણ સંગીતકારોના સૌથી ભરોસાપાત્ર 'ઇન્સ્ટ્રુમેન્ટ' હતા.

## "મેં ઇસ ફિલ્મ ઇન્ડસ્ટ્રી કી આખરી મુગલ હૂં..."

પોતાના ૯૦માં જન્મદિવસે દુબઈના સ્ટેજ પર થરકતા પગે પરફોર્મન્સ આપીને આશાજીએ આખી દુનિયાને સ્તબ્ધ કરી દીધી હતી. તે સમયે તેમણે ગર્વથી કહ્યું હતું કે, "હું આ ઇન્ડસ્ટ્રીની છેલ્લી મુગલ છું." આ વિધાન તેમની ભવ્યતા અને ૧૯૪૩થી શરૂ થયેલી ૮૦ વર્ષની અતૂટ સંગીત સાધનાનો પડઘો હતો.

**જ્યારે આશાજીની 'નકલ' બની તેમની અસલ ઓળખ!**

આશા ભોસલે એટલે પ્રયોગશીલતાનો પર્યાય. નિધનના થોડા દિવસો પહેલા જ તેમણે એક ઈન્ટરવ્યુમાં પોતાના બાળપણના એ રહસ્ય પરથી પડદો ઉઠાવ્યો હતો, જેણે તેમના કરિયરને નવી દિશા આપી. જ્યારે ઇન્ડસ્ટ્રીમાં લોકો તેમની ગાયકીને નકારતા હતા, ત્યારે તેમણે એક વિદેશી કલાકારના અંદાજને અપનાવીને સૌને ચોંકાવી દીધા હતા.

**કારમેન મિરાન્ડા: એ પ્રેરણા જેણે અવાજ બદલી નાખ્યો**



આશાજીએ જણાવ્યું હતું કે બાળપણમાં તેમને ફિલ્મો જોવાનો અને સિંગર્સની નકલ કરવાનો ભારે શોખ હતો. તે સમયે બ્રાઝિલની પ્રખ્યાત ગાયિકા અને અભિનેત્રી કારમેન મિરાન્ડા ખૂબ લોકપ્રિય હતી, જે પોતાની ટોપી પર ફળો સજાવતી અને અનોખા કપડાં પહેરતી.

**માતાને લાગતું 'ભૂત':** શાસ્ત્રીય સંગીતના પરિવારમાં જન્મેલા આશાજી જ્યારે ઘરે કારમેન મિરાન્ડાની નકલ કરતા અને તેમના જેવી સ્ટાઈલમાં ગાતા, ત્યારે તેમની માતાને લાગતું કે આશા કોઈ 'ભૂત'ની નકલ કરી રહી છે!

**નકારાત્મકતાને બનાવી તક**

કરિયરની શરૂઆતમાં જ્યારે સંગીતકારોને આશાજીનો અવાજ પસંદ નહોતો પડતો, ત્યારે તેમણે એક મોટું સાહસ કર્યું. તેમણે વિચાર્યું કે, **"કેમ હું કારમેન મિરાન્ડાની જેમ ગાવાનો પ્રયત્ન ન કરું?"** તેમણે પોતાની ગાયકીના અંદાજ અને અવાજના ટેક્સચરમાં ધરખમ ફેરફાર કર્યો. આ નવો 'વેસ્ટર્ન અને ફંકી' મિજાજ લોકોને એટલો પસંદ આવ્યો કે રાતોરાત આશાજીની ગાયકીની ચર્ચા થવા લાગી. જોકે, તે સમયે તેમણે આ વાત ગુપ્ત રાખી હતી કે આ શૈલી પાછળ કારમેન મિરાન્ડાની નકલનો હાથ છે.

**હવે સમજાયો જિંદગીનો અર્થ...': વિદાય લેતા પહેલા આશા તાઈએ શેર કર્યું હતું જીવનનું સૌથી મોટું સત્ય**

**સોશિયલ મીડિયા પર વાયરલ થઈ આશા ભોસલેની અંતિમ પોસ્ટ; ચાહકોની આંખો ભીની થઈ**

આશા ભોસલે આજે આપણી વચ્ચે નથી રહ્યા, પણ દુનિયાને અલવિદા કહેતા પહેલા તેમણે સોશિયલ મીડિયા પર એક એવી વાત શેર કરી હતી, જે હવે તેમના કરોડો ચાહકો માટે એક અમૂલ્ય વિરાસત બની ગઈ છે. તેમના નિધન બાદ તેમની આ અંતિમ પોસ્ટ ઇન્ટરનેટ પર જોરદાર રીતે વાયરલ થઈ રહી છે.

પોતાના ખનકતા અવાજથી દુનિયાને ખુશીઓ આપનાર આશા તાઈએ તેમની છેલ્લી પોસ્ટમાં જીવન પ્રત્યેનો એક ઊંડો દ્રષ્ટિકોણ રજૂ કર્યો હતો.



**અભિનયમાં પણ અજમાવ્યો હાથ**

**માત્ર માઇક સામે જ નહીં, કેમેરા સામે પણ આશાજી એટલા જ સહજ હતા. ૨૦૧૩માં ૭૯ વર્ષની વયે તેમણે મરાઠી ફિલ્મ 'માઈ' માં મુખ્ય ભૂમિકા ભજવીને પોતાના અભિનય કૌશલ્યનો પરિચય આપ્યો હતો.**

તેમણે પોતાની એક હસતી તસ્વીર સાથે લખ્યું હતું:

**"આટલા દાયકાઓ સુધી સૂર સાથે જીવ્યા પછી, હવે ક્યાંક જઈને મને જિંદગીનો અસલી અર્થ સમજાયો છે. સંગીત માત્ર કળા નથી, પણ એ સુકૂન છે જે આપણને આપણી પોતાની જાત સાથે મેળવે છે."**

જેવા આશાજીના નિધનના સમાચાર આવ્યા, ચાહકો તેમની આ પોસ્ટ પર પોતાની સંવેદનાઓ વ્યક્ત કરી રહ્યા છે. ઘણા લોકોનું કહેવું છે કે આશાજીને કદાચ પોતાની અંતિમ યાત્રાનો આભાસ થઈ ગયો હતો, તેથી જ તેમણે આવા ગૂઢ શબ્દો લખ્યા હતા. તેમની આ પોસ્ટને અત્યાર સુધી લાખો લોકો શેર કરી ચૂક્યા છે અને કોમેન્ટ્સમાં તેમને 'સંગીતની અમર આત્મા' ગણાવી રહ્યા છે.

**દરેક પરિસ્થિતિમાં સ્મિત એ જ તેમની ઓળખ**

આશાજીની આ પોસ્ટમાં પણ તેમનું એ જ પરિચિત સ્મિત દેખાઈ રહ્યું છે, જે તેમણે જીવનના કઠિનમાં કઠિન સમયમાં પણ જાળવી રાખ્યું હતું. ભલે તે અંગત જીવનના સંઘર્ષો હોય કે કરિયરના પડકારો, તેમની હકારાત્મકતા તેમના શબ્દોમાં હંમેશા છલકાતી હતી.